# બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારીની કચેરી, અમદાવાદ.

**એલ.એ.કયુ.કેસ નં ૩૯એ/૨૦૧૮**

જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુન:વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩

Pashpa Pawar
Kindly take the necessary action
(signature)

**વિષય:** **જમીન સંપાદન – અમદાવાદ**
અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના જાહેર હેતુ માટે જમીન સંપાદન - અમદાવાદ મોજે:-શહેરકોટડા તા:- મણીનગર , જી.અમદાવાદ

**સંપાદક સંસ્થા:** ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ (જી.એમઆરસી લી.) (ભારત સરકારશ્રી, અને સહભાગી રાજ્ય સરકારશ્રીનું સંયુકત સાહસ)

**સંમતિ એવોર્ડ**
**[ કલમ- ૨૩ એ નીચે ]**

**પ્રસ્તાવના :-**

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના જાહેર હેતુ માટે અમદાવાદ જિલ્લામાં આવતી પથરેખામાં આવતાં શહેરી વિસ્તારોની જમીન સંપાદન કરવા માટે સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિમીટેડ (જી.એમઆરસી લિ.) ની તા.૩૧/૦૫/૨૦૧૮ ની જમીન સંપાદનની દરખાસ્ત કલેકટરશ્રી (અધિક ચીટનીશ શાખા) અમદાવાદના તા. ૦૪-૦૬-૨૦૧૮ ના પત્રથી આ કચેરીને મળેલ. સદરહું હેતુના જમીન સંપાદન માટે જમીન સંપાદન, પુન:સ્થાપન અને પુન:વસનમાં વ્યાજબી વળતર અને પારદર્શિતા અધિકાર અધિનિયમ, ૨૦૧૩ (જેનો આમાં હવે પછી "જમીન સંપાદન અધિનિયમ, ૨૦૧૩" એ મુજબ ઉલ્લેખ કરેલ છે તે) ની કલમ-૧૦એ નીચે સામાજિક અસર સમીક્ષા મુકિતની દરખાસ્ત સહિત જમીન સંપાદનની દરખાસ્ત સંપાદક સંસ્થાએ અત્રેને રજુ કરતાં અત્રેની કચેરી ધ્વારા તેની ચકાસણી કરીને યોગ્ય જણાતાં સદરહું જમીન સંપાદનના કામે જમીન સંપાદન અધિનિયમ -૨૦૧૩ અને તેમાં થયેલ ગુજરાત જમીન સંપાદન સુધારા અધિનિયમ-૨૦૧૬ (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૧૨) ની જોગવાઈઓ અનુસાર જમીન સંપાદનની કાર્યવાહી નીચે મુજબ કરવામાં આવી.

## (૧) અધિનિયમ નીચેના જાહેરનામાં તથા તેની પ્રસિધ્ધિ :-

| | |
|---|---|
| (૧) નવો જમીન સંપાદન કાયદો -૨૦૧૩ ની કલમ-૧૦-એ ના પ્રકરણ ૨ અને ૩ મુજબના જાહેરનામનો નંબર /તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામા ક્રમાંક અમ-૨૦૧૮-૫૩૫ - મ-જઅમ-૧૦૨૦૧૮- ૧૩૬૭-ધ, તા.૦૫/૦૭/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામા ગુજરાત સરકારના રાજપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૫૮૬-૧ થી ૫૮૬-૩ ઉપર તા.૦૫/૦૭/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાત વર્તમાનપત્ર "દિવ્યભાસ્કર" માં તા.૧૨/૦૭/૨૦૧૮ અને અંગ્રેજી વર્તમાનપત્ર " ડીએનએ" માં તા.૧૧/૦૭/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૨) કલમ-૧૦એના જાહેરનામાની સ્થળ પ્રસિધ્ધની વિગત | કલમ-૧૦એ ના જાહેરનામાની પ્રસિધ્ધિ તા.૦૫/૦૭/૨૦૧૮ થી તા.૧૬/૦૭/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૩) નવો જમીન સંપાદન કાયદોની કલમ-૧૧(૧)અને કલમ-૪૩ મુજબના પ્રાથમિક જાહેરનામાના નં. તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામાં ક્રમાંક: અમ-૨૦૧૮-૫૯૨ -મ-જઅમ-૧૨૨૦૧૮-૧૩૬૭ -ધ. તા.૦૨/૦૮/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ. જે જાહેરનામું |

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી, જી. અમદાવાદ

| | | |
|---|---|---|
| | | ગુજરાત સરકારના રાજયપત્ર ભાગ-૧/બી ના પાના નં. ૬૭૦/૧ થી ૬૭૦/3 ઉપર તા.૦૨/૦૮/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની પ્રસિધ્ધિ ગુજરાતી વર્તમાનપત્ર "ગુજરાત સમાચાર " માં તા.૦૬/૦૮/૨૦૧૮ ના રોજ અને અંગ્રેજી વર્તમાનપત્ર " ધ ટાઈમ્સ ઓફ ઈન્ડીયા" માં તા.૦૬/૦૮/૨૦૧૮ રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૪) | કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ના જાહેરનામાઓની સ્થળ પ્રસિધ્ધની તારીખ | કલમ-૧૧(૧) તથા ૪૩(૧) ની નોટીસ પ્રસિધ્ધ તા.૦૨/૦૮/૨૦૧૮ થી તા.૩૧/૧૦/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૫) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાનો નંબર તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના જાહેરનામા નંબરઃ ક્રમાંક અમ-૨૦૧૮-૭૮૭-મ-જઅમ-૧૨૧૮-૧૩૬૭ -ધ, તા.૨૯/૧૧/૨૦૧૮ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં. ૮૬૭/૧ થી ૮૬૭/૩ ઉપર તા.૨૯/૧૧/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "દિવ્યભાસ્કર" માં તા.૦૭/૧૨/૨૦૧૮ અને અંગ્રેજી વર્તમાનપત્ર " ધી ઈન્ડીયન એક્સપ્રેસ" માં તા.૦૭/૧૨/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૬) | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધની તારીખ | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૦૫/૧૨/૨૦૧૮ થી તા.૧૧/૧૨/૨૦૧૮ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |
| (૭) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના નંબર તથા તારીખ | સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરના જાહેરનામા નંબરઃ અમ-૨૦૨૦-૩૬૦-મ-જઅમ-૧૨૧૮-૧૩૬૭-ધ તા.૦૩/૦૭/૨૦૨૦ થી મંજુર કરવામાં આવેલ છે. જે જાહેરનામું સરકારશ્રીના રાજયપત્રના ભાગ-૧/બી ના પાના નં.... થી..... ઉપર તા.૦૩/૦૭/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. જેની ગુજરાતી વર્તમાનપત્ર "સંદેશ" માં તા. ૦૬/૦૭/૨૦૨૦ અને અંગ્રેજી વર્તમાનપત્ર "ધ ઈન્ડીયન એક્સપ્રેસ " માં તા.૦૫/૦૭/૨૦૨૦ ના રોજ પ્રસિધ્ધ થયેલ છે. |
| (૮) | નવો જમીન સંપાદન કાયદો કલમ-૧૯(૧) મુજબના આખરી જાહેરનામાની મુદત વધારવા અંગેના જાહેરનામાના ના સ્થળ પ્રસિધ્ધિની તારીખ | કલમ-૧૯(૧) હેઠળની નોટીસની સ્થળ પ્રસિધ્ધિ તા.૦૪/૦૭/૨૦૨૦ થી તા.૧૦/૦૭/૨૦૨૦ સુધીમાં સ્થાનિક કચેરીઓ ખાતે કરવામાં આવેલ છે. |

જમીન સંપાદન ધારાની કલમ- ૧૧ (૧) નું જાહેરનામું તથા હેઠળની નોટીસની બજવણી નિયમાનુસાર કરીને સદરહું જમીન સંપાદન સામે વાંધાઓ હોય તો તે નિયત ૬૦ દિવસની સમયમર્યાદામાં રજુ કરવા જણાવવામાં આવેલ. તેના અનુસંધાને સદરહું જાહેરનામા સામે કોઈ વાંધા રજુ થયેલ નથી. જેથી કાયદાની કલમ ૧૫(૨) નીચે માહિતિ શૂન્ય હોય તે અંગેના અહેવાલ સાથે જમીન સંપાદન અધિનિયમની કલમ-૧૯(૧) હેઠળનું આખરી જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ ન ૩૯એ/૨૦૧૮/મેટ્રો રેલ /આખરી જાહેરનામું/કલમ-૧૯(૧)/શહેરકોટડા/વશી-૨૮૬૪/૨૦૧૮, તા.૨૨/૧૦/૨૦૧૮ થી મંજુર કરવા માટે મોકલવામાં આવેલ.

ખાસ જમીન સંપાદન અધિકારી (બીજા વધારાના), જી. અમદાવાદ

તેના અનુસંધાને જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૧૯(૧) હેઠળનું આખરી જાહેરનામું સરકારશ્રીના મહેસુલ વિભાગે જાહેરનામા ક્રમાંકઃ અમ-૨૦૧૮-૭૮૭-મ-જઅમ-૧૨૧૮-૧૩૬૭-ધ,

તા.૨૯/૧૧/૨૦૧૮ થી મંજુર કરી, યાદી નં.જઅમ-૧૨૨૦૧૮-૧૩૬૭ -ધ, તા.૨૯-૧૧-૨૦૧૮ થી મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ. જે મુજબ કલમ-૧૯(૧) નું આખરી જાહેરનામું તા.૨૯/૧૧/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ થયેલ. ત્યારબાદ સદર જાહેરનામાની મુદત તા.૨૯/૧૧/૨૦૧૯ ના રોજ પુરી થતી હોવાથી જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૫ હેઠળ મુદત વધારી આપવા બાબતનુ જાહેરનામું તૈયાર કરીને સરકારશ્રીના મહેસુલ વિભાગ, ગાંધીનગરને આ કચેરીના પત્ર નં. એલએક્યુ/કેસ નં.૩૯એ/૨૦૧૮/મેટ્રો રેલ જમીન સંપાદન/શહેરકોટડા/કલમ-૧૯(૧)/વશી-૨૦૦૬/૨૦૧૯ તા.૧૯/૧૧/૨૦૧૯ થી મંજુર કરવા માટે મોકલવામાં આવેલ. જે સરકારશ્રીના મહેસુલ વિભાગે જાહેરનામા ક્રમાંક: અમ-૨૦૨૦-૩૬૦-મ-જઅમ-૧૨૧૮-૧૩૬૭-ધ, તા.૦૩/૦૭/૨૦૨૦ થી મંજુર કરી યાદી નં. જઅમ-૧૨૨૦૧૮-૧૩૬૭—ધ તા. ૦૩/૦૭/૨૦૨૦ થી મેનેજરશ્રી સરકારી પ્રેસ, ગાંધીનગરને મોકલી આપેલ.

(૨) જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ની કલમ-૨૧(૧)(૨) હેઠળની જાહેર નોટીસ તથા કલમ-૨૧(૪)(૫) નીચેની વ્યક્તિગત નોટીસોની અત્રેની કચેરીએથી તા.૮/૦૫/૨૦૧૯ ના રોજ બજવણી કરવામાં આવેલ. જે નોટીસ સરકારી ચાવડી તથા અન્ય જાહેર સ્થળોએ જોઇ શકાય તેવી જગ્યાએ તા.૧૦/૦૬/૨૦૧૯ ના રોજ ચોંટાડવામાં આવેલ અને સંબંધિત હિતધારક/કબજેદારોના હક્કદાવાની સુનાવણી અત્રેની કચેરીમાં તા.૧૦/૦૬/૨૦૧૯ અને તા.૧૧/૦૬/૨૦૧૯ ના રોજ રાખવામાં આવેલ.

(3) **<u>સંમતિ કરાર :-</u>**

સને ૨૦૧૬ના ગુજરાત કાયદા નં-૧૨થી જમીન સંપાદન અધિનીયમ ૨૦૧૩માં નવી દાખલ થયેલ કલમ ૨૩(એ)ની જોગવાઈને અનુસરીને આ કેસમાં સંમતિ એવોર્ડ કરવા માટે સંપાદક સંસ્થાના તા. ૨૮-૦૭-૨૦૨૦ ના પત્ર નં.ક્રમાંક/સી.પી/આર એન્ડ આર/આઉટ વર્ડનં./જી/૦/૧૨૨૧ થી અત્રેને જણાવવામાં આવેલ છે. સરકારશ્રીના મહેસુલ વિભાગના સંમતિ એવોર્ડ માટેના ઠરાવ ક્રમાંક: એલએક્યુ/૨૨/૨૦૧૪/૫૪/ધ તા.૦૪/૦૪/૨૦૧૮ અને ઠરાવ ક્રમાંક: એલએક્યુ/૨૦૧૮/૧૯૭૬/ધ તા.૧૧/૦૯/૨૦૧૮ના અનુબંધોને આધિન સંપાદક સંસ્થા તથા જમીન/મિલકતના કબ્જેદાર તરીકે બંને પક્ષકારો એવોર્ડના પરિશિષ્ટ-બી મુજબ વળતર સ્વીકારવા માટે સંમત થતા જમીન સંપાદન અધિનિયમની કલમ-૨૩(એ) હેઠળ જમીન/મિલકતના કબ્જેદારો તથા સંપાદક સંસ્થાએ પરિશિષ્ટ-બી ના કોલમ નં. (૬)ની વિગતે સંમતિ કરાર કરવામાં આવેલ છે અને તે સંમતિ કરારની તમામ વિગતો લક્ષમાં લઈને કલમ ૨૩(એ) હેઠળનો આ ચુકાદો જાહેર કરવામાં આવે છે.

(૪) <u>માલીકી હક્ક</u> :-

મોજે:-શહેરકોટડા તા:-મણીનગર, જી.અમદાવાદની સંપાદન થતી જમીનો/મિલકતોના પ્રોપર્ટીકાર્ડ તથા કબજા હકના સરકારી સીટી સર્વે રેકર્ડના દસ્તાવેજી પુરાવાઓમાં જણાવેલ કબજેદારોના નામ ખરા માનવામાં આવે છે.

(૫) <u>સંપાદન થતી જમીન / મિલકતની સંયુક્ત માપણી</u>:-

સંયુકત માપણીના ફકરા નં.૧૦૪ માં જણાવ્યા મુજબ કલમ-૧૯(૧) હેઠળના આખરી જાહેરનામામાં સમાવિષ્ટ કર્યા મુજબની આ સાથેના પરિશિષ્ટ-બી માં જણાવેલ જમીનના કબજેદાર/હિતધારકોની સંપાદન થતી જમીનના ક્ષેત્રફળ ચો.મી જમીન સંમતિ એવોર્ડથી સંપાદન થાય છે. સંપાદન થતી જમીનો અંગે સંમતિ કરાર કરનાર હીતસંબંધ ધરાવનાર ઇસમો (જમીન માલિક/પક્ષકારો) તરફથી કોઇ વાંધો ઉઠાવવામાં આવેલ નથી.

(૬) <u>સંપાદન થતી જમીનની સ્થળ, સ્થિતનું વર્ણન</u> :-

સંપાદન હેઠળની જમીન શહેરકોટડા ગામમાં આવેલ છે તથા આ જમીન બિનખેતી ઉપયોગની ચાલી આવે છે. સંપાદન હેઠળની જમીનો બિનખેતી છે.

(૭) <u>વળતર દાવા અંગે હીત ધરાવનાર કબજેદારોની રજુઆત</u> :-

હીત ધરાવનાર કબજેદાર/મિલકત ધારકો તથા સંપાદક સંસ્થા દ્વારા જમીન સંપાદનનું સંમતિ કરારથી નક્કી કરેલ વળતર આપવા સંમતિ દર્શાવેલ છે.

ખાસ જમીન સંપાદન અધિકારી (બીજા વધારાના) જી. અમદાવાદ

(૮) <u>દાવાના સમર્થનમાં હીત ધરાવનાર કબજેદારોની રજુઆત</u> :-

વળતરના હકદાવાની સુનાવણી વખતે વળતરની માંગણીના સમર્થનમાં હિત ધરાવતી કોઇપણ વ્યક્તિ તરફથી કોઇ પુરાવા રજુ કરેલ નથી. જેથી વિગતવાર ચર્ચા કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૯) <u>વળતરના દાવા અંગે સંપાદક સંસ્થાની રજુઆત</u> :-

વળતરના દાવાના અંગે સંપાદક સંસ્થાએ બંને પક્ષકારો સાથેના જમીન/મિલકતની કિંમત અંગેના સંમતિ કરારના પુરાવા રજુ કરેલ છે. તે મુજબ સંપાદક સંસ્થાએ આ સાથે સામેલ પરિશિષ્ટ-બી ના કબજેદારોને કોલમ નં. ૮ માં દર્શાવેલ સંમતી કરાર મુજબની રકમ ચુકવવાની બાકી છે, જે અત્રેથી ચુકવવાની થાય છે.

(૧૦) <u>જમીનનું મુલ્યાંકન</u>:-

સંપાદન થતી જમીનો/મિલકતોનો કબજેદારો અને સંપાદક સંસ્થાએ પરિશિષ્ટ- બી પ્રમાણેની વળતરની કિંમત સંમતિ એવોર્ડ માટે સ્વીકારવા સંમતિ આપી. જમીન સંપાદન અધિનિયમ હેઠળ જરૂરી કરારનામા રજુ કરેલ છે. અને તે મુજબ સંમતિ એવોર્ડ કરવા માટે માંગણી કરેલ છે.

(૧૧) <u>અન્ય હક્કદાવા</u>:-

જમીન/મિલકતના કબજેદારો તથા સંપાદક સંસ્થા ધ્વારા કોઇ અન્ય હક્કદાવા રજુ થયેલ નથી.

(૧૨) <u>પ્રોત્સાહક વળતર:-</u>

સંપાદન હેઠળની જમીન/મિલકત સંમતિથી આપવા જમીન/મિલકતના કબજેદારો તથા સંપાદક સંસ્થાએ સંપાદન ધારાની કલમ-૨૩એ હેઠળ જરૂરી સંમતિ કરારનામા રજુ કરેલ છે. અને સંમતિથી વળતર નક્કી કરવામાં આવેલ છે. કબજેદારનીજમીન/મિલકતની વળતર કિંમતમાં પ્રોત્સાહક રકમ સહિતના સંમતિ વળતરનો સમાવેશ કરવામાં આવેલ છે. જેથી અલગથી પ્રોત્સાહક વળતર આકારવાનું રહેતું નથી.

(૧૩) <u>સોલેશ્યમ :-</u>

જમીન સંપાદન ધારા હેઠળ નક્કી કરેલ જમીનની સંમતિ વળતરની કુલ રકમ બંને પક્ષકારોની સંમતિથી નક્કી થયેલ હોઇ અલગથી સોલેશ્યમ (વળતર રાહત) ની આકારણી કરવાની થતી નથી.

(૧૪) <u>૧૨ ટકા પ્રમાણે ભાવવધારો:-</u>

સદરહુ કેસમાં સંમતિ કરારથી નક્કી કરેલ એકંદર કુલ સંમતિ વળતરની રકમમાં ભાવ વધારાનો સમાવેશ થઇ ગયેલ હોઇ આ વળતર અલગથી આપવાનું રહેતું નથી.

(૧૫) <u>વ્યાજની ચુકવણી</u>:-

સદરહું કેસમાં સંમતિ એવોર્ડ કરવાનો હોઈ તેમાં વ્યાજનો સમાવેશ જમીનની પ્રતિ ચો.મી.ની નક્કિ કરેલ રકમમાં થયેલ હોઈ અલગ વ્યાજ ચુકવવા પાત્ર થતુ નથી.

(૧૬) <u>આગોતર વળતર</u> :-

સદરહુ કેસમાં સંપાદક સંસ્થાએ જમીન/મિલકત કબજેદારોને પરિશિષ્ટ-બી ના કોલમ નં. ૭ માં દર્શાવ્યા મુજબ આગોતર વળતર સંપાદક સંસ્થા દ્વારા ચુકવવામાં આવેલ છે.

(૧૭) <u>જમીન સંપાદનના કેસોમાં સરકારશ્રી દ્વારા મહેકમ ખર્ચ વસુલ કરવા બાબત:</u>

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ એલએક્યુ/૨૦૧૯/૨૦૦૬-ધ, તા.૨૬/૧૨/૨૦૧૯ થી, બોર્ડ, કોર્પોરેશન, નેશનલ હાઇવે, બુલેટ ટ્રેન, મેટ્રો ટ્રેન વિગેરે જેવી કોઈ સંસ્થા, બોર્ડ, કોર્પોરેશન માટે જમીન સંપાદનના કેસોમાં સંબંધિત સંપાદક સંસ્થા પાસેથી મહેકમ ખર્ચ વસુલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહુ પરિપત્રની જોગવાઇ મુજબ, સંપાદક સંસ્થા બોર્ડ, કોર્પોરેશન માટે સંપાદન થયેલ જમીનના એવોર્ડથી આકારેલ કુલ વળતર રૂા. ૧ (એક) કરોડ થી વધુ પરંતુ ૫ (પાંચ) કરોડ સુધી હોય ત્યાં, કુલ વળતરની રકમના ૧% અથવા ઓછામાં ઓછો મહેકમ ખર્ચ

ખાસ જમીન સંપાદન અધિકારી બીજા વધારાના જી. અમદાવાદ

રૂા. ૧,૦૦,૦૦૦/- (અંકે રૂપીયા એક લાખ પુરા) બે માંથી જે વધારે રકમ હોય તે, રકમ મહેકમ ખર્ચ તરીકે વસુલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવાની રહે છે. સદરહુ કેસમાં કુલ સંપાદિત થયેલ ક્ષેત્રફળ ૫૮.૭૩ ચો.મી. જમીન માટે કુલ રૂા..૧,૨૨,૪૯,૫૧૪/- (અંકે રૂપીયા એક કરોડ બાવીસ લાખ ઓગણ પચાસ હજાર પાંચસો ચૌદ પુરા) નું વળતર આકારવામાં આવેલ હોઇને, તેના ૧% રકમ તરીકે રૂા.૧,૨૨,૪૯૫/- (અંકે રૂપિયા એક લાખ બાવીસ હજાર ચારસો પચાણું પુરા) સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી.પાસેથી અધિનિયમની કલમ-૯૫ ની જોગવાઇ મુજબ વસુલ કરીને સરકારી તિજોરીમાં જમા કરાવવા ઠરાવું છું.

(૧૮) **જમીનનો ઉપયોગ બદલવા માટે જમીનના કબજેદાર/ ખાતેદારે સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા બાબત :-**

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંકઃ બખપ-૧૦૭૯-૧૬૮-ક, તા.૧૩/૨/૧૯૭૯ થી કરેલ જોગવાઇ અનુસાર, સંપાદન થયેલ જમીનો જયારે સંપાદક સંસ્થાને બીનખેતીના ઉપયોગ માટે અપાય ત્યારે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમની કલમ- ૬૭એની જોગવાઇઓ હેઠળ નિયમ મુજબનો રૂપાંતર વેરો વસુલ કરવાનો થાય છે. સદરહુ હેતુસર, ગુજરાત સરકારશ્રી દ્વારા, ગુજરાત જમીન મહેસુલ (સુધારા) અધિનિયમ, ૨૦૧૬, (૨૦૧૬ નો ગુજરાત કાયદા નં-૩) તા. ૨૧/૩/૨૦૧૬ થી ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ કરેલ છે. જે સુધારા અધિનિયમ ગુજરાત સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૨૧/૩/૨૦૧૬ ના ગુજરાત સરકારશ્રીના ગેઝેટમાં પ્રસિધ્ધ થયેલ ગુજરાત કાયદા નં-૩/૨૦૧૬ અનુસાર તા.૨૧/૩/૨૦૧૬થી સમગ્ર ગુજરાત રાજયમાં અમલમાં આવેલ છે. સદરહુ સુધારા અધિનિયમની કલમ-૬ ની પેટા કલમ-(૪) થી ગુજરાત રાજયમાં જમીનના બીનખેતી ઉપયોગ માટે સરકારશ્રીને ભરવાપાત્ર રૂપાંતરવેરાના નક્કી કરેલ સુધારેલ દરો મુજબ મોજે:શહેરકોટડા તા:- મણિનગર , જી.અમદાવાદની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટના અમલીકરણના હેતુ માટે સંપાદન કરેલ શહેરી વિસ્તારની ખેતીની જમીનોનો બિનખેતી ઉપયોગ કરવા માટે સદરહુ પેટા કલમ મુજબ રૂા. ૩૦/- પ્રતિ ચો.મી. લેખે સંપાદિત જમીનના કુલ ક્ષેત્રફળ મુજબની રકમ સંપાદક સંસ્થા ગુજરાત મેટ્રોરેલ કોર્પોરેશન લી. એ ગુજરાત સરકારશ્રીને રૂપાંતર વેરો ભરવા ઠરાવું છું.

(૧૯) **સંપાદન થયેલ જમીન અંગે સંપાદક સંસ્થાએ બિનખેતી ઉપયોગ માટે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ હેઠળ અને નિયમ-૮૬ મુજબ બિન-ખેતી આકાર ભરવા બાબત :-**

ગુજરાત સરકારશ્રી, મહેસુલ વિભાગના પરિપત્ર ક્રમાંક: એલએક્યુ/૨૨૬૬/એલ.એ-૪ તા.૧૬/૫/૧૯૬૭ થી સંપાદક સંસ્થાએ સંપાદિત થયેલ જમીનો અંગે ગુજરાત જમીન મહેસુલ અધિનિયમ, ૧૮૭૯ ની કલમ-૬૫ મુજબ બિનખેતી હેતુનું મહેસુલ ભરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. સદરહું પરિપત્રની જોગવાઇ મુજબ, આ હેતુ માટે સંપાદક સંસ્થા પાસેથી બિન-ખેતીનો આકાર વસુલ કરવા માટે અને તે આકાર કઇ તારીખથી વસુલ કરવો તે નક્કી કરવા માટે ગુજરાત જમીન મહેસુલ નિયમો, ૧૯૭૨ ના નિયમ-૮૬ ની જોગવાઇઓને અનુસરવાની રહે છે. આ નિયમોના હેતુસર, સંપાદન થયેલી જમીનનો કબજો સંપાદક સંસ્થાને જે તારીખથી આપવામાં આવે તે તારીખથી તેમને બિનખેતી ઉપયોગ કરવાની મંજુરી આપવામાં આવી છે તેમ ગણત્રીમાં લેવાનું રહે છે. જેથી ગામ: શહેરકોટડા, તા.મણિનગર જિ.અમદાવાદ આ એવોર્ડથી સંપાદિત થયેલ જમીનનો સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. ધ્વારા બિનખેતી વાણિજ્ય ઉપયોગ કરવા માટે પ્રવર્તમાન નિયમો/ઠરાવો મુજબ વસુલ કરવાપાત્ર બિનખેતી વાણીજ્ય હેતુનો વિશેષ ધારો પ્રવર્તમાન નિયમો મુજબ રૂ. ૦-૬૦ પૈસા પ્રતિ ચો.મી મુજબ વસુલ કરવાપાત્ર થાય છે. જે મુજબ સંપાદીત જમીનનો પ્રત્યક્ષ કબજો સંભાળ્યાના મહેસુલી વર્ષ માટેના બીનખેતી વાણીજ્ય હેતુનો પ્રવર્તમાન મહેસુલી વર્ષ માટેના બિનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારો તથા લાગુ પડતા અન્ય વેરા (લોકલ ફંડ+ શિક્ષણ ઉપકર વગેરે સહિત) સંપાદક સંસ્થા જી.એમ.આર.સી.લી. એ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં-૩, અમદાવાદને ભરપાઇ કરવા ઠરાવું છું . તેમજ તે બાબતે ગુજરાત સરકારશ્રી ધ્વારા વખતો વખત થતા વિશેષ ધારાના સુધારેલ દરોને આધીન ભરવાપાત્ર બીનખેતી વાણિજ્ય હેતુના વિશેષ ધારાની રકમ તથા લાગુ પડતા અન્ય વેરા (લોકલ ફંડ + શિક્ષણ ઉપકર વગેરે સહિત) જે તે મહેસુલી વર્ષમાં જુલાઇ માસની ૩૧ તારીખની અંતિમ મુદત સુધીમાં સંપાદક સંસ્થાએ ભરપાઇ કરવાની રહેશે. તેમ ઠરાવું છું.

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી • જી. અમદાવાદ

(૨૦) **હુકમ :-**

જમીન સંપાદન અધિનિયમ-૨૦૧૩ ની જોગવાઇઓને આધીન રહીને અને ઉપરોક્ત વર્ણવેલ તમામ વિગતોને ધ્યાને લઇને આથી જાહેર કરવામાં આવે છે કે મોજે:-શહેરકોટડા તા:-મણીનગર, જી.અમદાવાદની પરિશિષ્ટ-એ માં દર્શાવેલ જમીનો અમદાવાદની અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે સંપાદન કરવામાં આવે છે અને નીચેની વિગતે સંપાદિત જમીનનું વળતર તથા પેરા (૧૭) અને (૧૮) ની વિગતે સરકારી લ્હેણાં આકારવામાં આવે છે.

| | | |
|---|---|---|
| (૧) | સંમતિ કરાર મુજબ સંપાદન થતી જમીનનું કુલ ક્ષેત્રફળ (પરિશિષ્ટ-એ) | ૫૮.૭૩ ચો.મી. |
| (૨) | સંપાદન થયેલ જમીન/મિલકતનું કુલ ચુકવવા પાત્ર વળતર રૂા. (પરિશિષ્ટ-બી) | ૧,૨૨,૪૯,૫૧૪/- |
| (૩) | આગોતર વળતર ચુકવેલ રકમ રૂા. (પરિશિષ્ટ-બી) | ૯૭,૯૯,૬૧૧/- |
| (૪) | ચોખ્ખી ચુકવવાપાત્ર રકમ રૂા. (પરિશિષ્ટ-બી) | ૨૪,૪૯,૯૦૩/- |
| (૫) | એવોર્ડની કુલ રકમના ૧% પ્રમાણે મહેકમ ખર્ચ રૂા. | ૧,૨૨,૪૯૫/- |
| (૬) | રૂપાંતર વેરો રૂા. | ૧૭૬૨/- |
| (૭) | એવોર્ડની કુલ રકમ રૂા. (૨+૫+૬) | ૧,૨૩,૭૩,૭૭૧/- |

ઉપરોક્ત વિગતે ક્રમ (૪) થી જણાવેલ ચોખ્ખી ચૂકવવા પાત્ર સંપાદિત જમીનનું (પરિશિષ્ટ-બી ના કોલમ નં.૮ મુજબનું) વળતર સંપાદિત જમીનના કબજેદાર/હિતધારકોને ચૂકવવા તથા ઉપરોક્ત વિગતે ક્રમ (૫) અને (૬) માં જણાવેલ સરકારી લ્હેણાંની રકમ સરકારશ્રીમાં જમા કરાવવા માટે અત્રેની કચેરી ખાતે જમા કરાવવા અને પેરા-(૧૯) મુજબ ભરવાપાત્ર બિનખેતી આકાર સંપાદક સંસ્થાએ સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં-૩, અમદાવાદને ભરપાઇ કરવા ઠરાવુ છુ.

(૨૧) સંપાદીત થતી જમીનનો કબજો સંભાળ્યા તારીખથી તે જમીનનું ક્ષેત્રફળ તથા તેનો વરાડે આકાર કમી કરવાની કમી-જાસ્તી પત્રકોની અસર આપવાની તથા સંપાદિત જમીનની બિનખેતી મહેસુલની આકારણી કરવાની કાર્યવાહી સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં-૩, અમદાવાદએ કરવાની રહેશે. તેમજ સદરહું એવોર્ડથી સંપાદિત થતી જમીનની નોંધ સંબંધિત મહેસુલી રેકર્ડમાં કરવાની રહેશે.

(૨૨) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં-૩, અમદાવાદને સદરહું એવોર્ડ મુજબ સંપાદિત થતી જમીનની કપાતની અસર આપવા માટે કમી-જાસ્તી પત્રક તૈયાર કરીને સંબંધિત સીટી સર્વેના રેકર્ડમાં જરૂરી સુધારો કરવા સુચના આપવામાં આવે છે.

(ખાસ જમીન સંપાદન અધિકારી, બીજા વધારાના, જી. અમદાવાદ — સ્ટેમ્પ)

સ્થળ:- અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ:- ૨૫ /૯/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ :- ૨૫ /૯/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ.

નકલ રવાના:-

(૧) સીટી સર્વે સુપ્રિન્ટેન્ડન્ટશ્રી નં-૩, અમદાવાદ
જિલ્લા મોજણી ભવન, જુના વાડજ, ભીમજીપુરા, અમદાવાદ.
જાણ તથા આગળની જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) ચીફ જનરલ મેનેજરશ્રી (કોર્પોરેટ પ્લાનીંગ)
ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન લિ.
બ્લોક નં ૧, કર્મયોગી ભવન
સેકટર-૧૦ એ,ગાંધીનગર.
જાણ તથા જરૂરી કાર્યવાહી સારૂ.

પરિશિષ્ટ-એ

**સંમતિ કરાર મુજબ સંપાદન થતી જમીનની વિગતનું પત્રક**

**એલ એક્યુ/કેસ નં-૩૯ એ/૨૦૧૮**

**મોજે: શહેરકોટડા , તા.મણિનગર, જિ: અમદાવાદ**

**જમીન સંપાદનનો હેતુ: મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

| ક્રમ નંબર | સર્વે નં/બ્લોક નં. | વિગત | સંપાદન જમીન/મિલકતનું વર્ણન |
|---|---|---|---|
| | | | જમીન + બાંધકામ ચો.મી |
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | ટી.પી-૧૬ (શહેરકોટડા)<br>એફ.પી નં.- ૨૩૬<br>સીટી સર્વે નં.૩૪૬૭ | પ્રોપર્ટી નં-૭૦/૨ | ૫૮.૭૩ |
| | | કુલ | ૫૮.૭૩ |

સ્થળ:અમદાવાદ

એવોર્ડ લખ્યા તારીખ:-૰૯ /૯/૨૦૨૦

એવોર્ડ જાહેર કર્યા તારીખ:- ૯/૨૦૨૦

બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ

# પરિશિષ્ટ - બી

**એલ એક્વુ/કેસ નં-૩૯ એ/૨૦૧૮**
**મોજે: શહેરકોટડા , તા.મણિનગર, જિ: અમદાવાદ**
**જમીન સંપાદનનો હેતુ: મેટ્રો રેલ પ્રોજેક્ટ માટે જમીન સંપાદન**

| ક્રમ નં. | જમીન /મિલકતના કબજેદાર/હિતધારકનું નામ | સર્વે નં/બ્લોક નં | સંપાદિત જમીન/મિલકતનું વર્ણન | | સંમતિ કરારથી નક્કી કરેલ કુલ વળતર | ચુકવેલ આગોતર વળતર | ચુકવવાનું બાકી વળતર | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | વિગત | જમીન + બાંધકામ (ચો.મી) | રૂપિયા | રૂપિયા | રૂપિયા | |
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |
| ૧ | મેહબુબ ગુલામમયુદીન ચોપડા | ટી.પી-૧૬ (શહેરકોટડા)<br>એફ.પી નં.- ૨૩૬<br>સીટી સર્વે નં.૩૪૬૭ | પ્રોપર્ટી નં-૭૦/૨ | ૫૮.૭૩ | ૧૨૨૪૯૫૧૪ | ૯૭૯૯૬૧૧ | ૨૪૪૯૯૦૩ | |
| કુલ:- | | | | ૫૮.૭૩ | ૧૨૨૪૯૫૧૪ | ૯૭૯૯૬૧૧ | ૨૪૪૯૯૦૩ | |

સ્થળ:અમદાવાદ
એવોર્ડ લખ્યા તારીખ:-૧૬ / ૯/૨૦૨૦
એવોર્ડ જાહેર કર્યા તારીખ:- ૧૬ / ૯ /૨૦૨૦

(Stamp: બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી, જી. અમદાવાદ)

(Signature)
બીજા વધારાના ખાસ જમીન સંપાદન અધિકારી
અમદાવાદ